લોકજનોને વાંચવા લાયક.

# પ્રભાત પક્ષિ.

જેઓ પ્રસિદ્ધ કરનાર,

શેઠજી. જયરામ રતનજી ભાગલીઆ.

નિવાસસ્થાન કચ્છ માંડવીના રહિશ હાલ મુંબઇ.

[illegible] સાંગાણીના [illegible]

શેઠ [illegible] ભાગલીઆ.

આવૃત્તિ ૧ લી સને ૧૮૮૯

વર્ષ ૧૯૪૫ ની.

કીંમત એક આનો.

ધર્મ વિજય પ્રેસ ખારવાની ... પાયધુની મુંબઇમાં
દલપતરામ ભગવાને છાપી.

હરીજનોને વાંચવા લાયક.

# પ્રભાત પક્ષિં.

રચી પ્રસિદ્ધ કરનાર.
જોશી. જયરામ રવજી ભાગલીઆ.

નિવાસસ્થાન કચ્છ-માંડવી હલ્લિ વસ્તી મુંબઇ.
ઠે૦ બહારકોટ કાંદાવાડીના નાકા ઉપર
શેઠ ધરમસી ભગવાનજીના માળામાં.

આવૃતી ૧ લી પ્રત ૨૦૦૦



કીંમત એક આનો.

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં૦ ૫૭૨ મુંબઇમાં
હરજીવન ભગવાને છાપી.

# પ્રસ્તાવના.

ઇશ્વરી ગતી વિચિત્ર છે વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે કાગડા ચકલી પાલેલાં કુકડાઓ જેવા ક્ષુલ્લક પક્ષિઓને કેટલું બધું જ્ઞાન આપેલું છે તેઓ ઉદય થતાંની પહેલાં ચાર ઘડી રાત્રી રહી હોય ત્યાંતો નિદ્રામાંથી જાગૃત થઇ હરી સ્મર્ણ કરતાં હોયને જાણે પોતનાં શબ્દોથી જગતને જાહેર કરતાં હોય કે ભાઇઓ તમો ઉઠોને અમારી માફક જગ કર્તાનું સ્મરણ કરો આ બાબત ઝીણી હોવાથી આપણા ધ્યાનમા જલદી આવતી નથી પણ આ ઉપરથી દેખાય છે કે તેઓને સૃષ્ટિ કરતાના હુકમનો ડર હોવો જોઇએ આપણને એટલો ડર હોય એમ લાગતું નથી આપણે તો ખુશાલ બનાત ઓઢીને પથારીમાં પડયા રહિયે છીયે સૂર્ય પણ પ્રભુના હુકમ પ્રમાણે વખતસર પ્રકાશે છે એટલે દિવસ ઉદય થયાનું જાહેર કરે છે છતા પણ આપણે ગણકારતા નથી કેટલી ભૂલ કહેવાય ? આપણી ફરજ આપણે બજાવતા નથી તેથી દુઃખ અને દરીદ્રતાને પ્રાપ્ત થઇએ છીએ મોઢે કહીએ કે હે પ્રભુ અમોને દુઃખી શા માટે કરે છે આ બાબતમાં ઇશ્વરનો શું ગુન્હો ? આપણું કર્તવ્ય કરતા નથી તો ફળની ઇચ્છા શા માટે રાખીએ માટે નિરંતર પ્રાતઃકાળે ઇશ્વરનું સ્મર્ણ કરવુ કે તેઓ આપણા ઉપર પ્રસન્ન રહે ને મનોરથ પૂર્ણ કરી ફત્તેહ કરે આપણા વિઘ્નો દૂર કરે તેમ આયુસ્ય વધારે એવું સાધન આ પુસ્તકમાં છે માટે થોડી તસ્દીમાં મોટો લાભ શામાટે ગુમાવવો કોઇપણ તરેહથી ભગવાનનુ નામ લેવાની યોજના કરવી તો દીનબંધુ પરમાત્મા કલ્યાણ કરશે આ બાબતમાં કેટલાક દરોજનાના ઉદ્દેસથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

**કર્તા જોશી. જયરામ રવજી,**

**ભાગલીઆ કચ્છ-માંડવી વાળા.**

# પ્રભાત પક્ષિ.

આ પક્ષિ સવારના પરોઢીએ છ ઘડી રાત્રીએ ઉઠી શું બોલે છે તે સાંભળો.

## પદ.

## ૧

## પ્રાત સ્મરણ કરવા વિષે.

### ભુજંગી છંદ.

ન લીધું મુખે કૃષ્ણનું નામ જેણે,
બની મૂર્ખ ખોયું વૃથા જન્મ તેણે;
પ્રભુના ચરિત્રો ન ગાયા કદાપી,
પશુમાં ગણો કે પછી પૂર્ણ પાપી.

ન એસે પ્રભુ નામ લેતાંજ નાણું,
પડે ના જીભે કયાંય એકેજ કાંણું;
ન છુટે પ્રવર્તિ જનોમાં તથાપિ,
પશુમાં ગણો કે પછી પૂર્ણ પાપી.

તમોને ન દેતાં કદિ તે વિસારી,
રહ્યા ભોગવિ તે વ્યથાઓ તમારી;
થની ભૂલ તેની ન માંગિજ માફી,
પશુમાં ગણો કે પછી પૂર્ણ પાપી.
રહ્યો સેવિને આ પ્રભાતીજ પક્ષિ;
ગુન્હાઓ પ્રભુ સર્વ દેશેજ બક્ષિ;
એવા ઇષ્ટ જયરામના છે પ્રતાપિ.
તેને ના ભજે તે મહા પૂર્ણ પાપી.

## હિતોપદેશ.

### પદ.

૨

( જાગને જાદવા, કૃષ્ણ ગોવાળીઆ. ) એ રાગ.

ચેત મન મૂર્ખ આ દેહ માનવ તણી, શું ફરી આવશે જો વિચારિ;
વરસ દશબાર અજ્ઞાતામાં ગયા, શેળ સંગે મળી પ્રેમ પ્યારી.
ચેત૦

તરૂણતા તુર્ત જાતાં વળી વારશી, થઇ પ્રજાને બન્યો તું ભિખારી;
ઉદયથી માંડીને અસ્ત પર્યંત તે, સમય ગાળી કરી છે ખુવારી.
ચેત૦

સ્વાર્થ પોતાતણું સર્વ ચૂકી ગયો, મૂછ ધોળી રહી છે પુકારી;
સરમતો પણ કદી તેં ન લાવિ કશી, ભાવથી નવ ભજ્યાં શ્રી મોરારી.
ચેત૦

મુષકને જેમ માંજાર આવી મળે, તેમ નાંખ્યો તું ને ત્યાં વિદારી;
દાસ જયરામ શ્રી કૃષ્ણ ચરણે સદા, ભક્તિ માગી રહ્યો નિર્વિકારી,
ચેત મન મૂર્ખ આ દેહ માનવ તણી, શું ફરી આવશે જો વિચારી.

## પ્રભુને જગાડવા બાબત.

### પદ.

૩

( રાગ એજ. )

મુખ કમલ નિર્ખવું છે પ્રભુ આપનું, દાન દર્શ તણું દો દયાલુ,
ઉદયને અસ્ત સો આપ હાથે રહ્યું, નાથ મારા તમો છો કૃપાળું.
ટેક૦

આપ હાથે ભલું છે થવાનું બધું, તો પછી ક્યાં જવું તે કહોને;
દ્રષ્ટિએ દેખવા રૂપ આવ્યાં અમો, લાજ મૂકી કહું છું તમોને
મુખ કમલ૦

મંગલાનું થવા સમય આવ્યું છતાં, જાગતાં કાંનથી નાથ મારા;
શીશ ચરણે ધરૂં જે કહો તે કરૂં, છોડી રહીના શકું ક્યાંય ન્યારા.
મુખ કમલ૦

દીન આ દાસનાં દુઃખ સૌને હુરો, વર્ણવું શું ચરિત્રો તમારા;
વર્ણવી ના શકે શેષકે સારદા, આપતો નંદના છો દુલ્હારા.
મુખ કમલ૦

સમયવીતી જશે તો પછી શું થશે, વૃત્તિઓ આ બધી કયાં જવાની.
તો પછી દાશ જયરામ તે કયાં જશે, નાથ તેની ગતી શું થવાની;
મુખ કમલ નિર્ખવું છે પ્રભુ આપનું, દાન દર્શન તણું ઘો દયાલુ.

## હીતોપદેસ.

### પદ.

૪

(રાગ એજ)

ઇશ્વરે આંખ દીધી છની દેખવા, ભવવિષે ભટકતો કાં ફરે છે;
ભક્તિ આધીન છે ભક્ત વત્સલ પ્રભુ, દુઃખ સૌ નામ લેતાં હરે છે.
ઇશ્વરે૦

દેખિતી ભૂલ તારિ દિશે છે બહુ, મોહમાં કાં ફસીને મરે છે;
કેમ કઇ રીતથી ને વળી કેટલા, જીવ કેવે સ્થળે કયાં ઠરે છે.
ઇશ્વરે૦

જાત કે ભાત કંઇ ઇશ પાસે નથી. ભક્તિ ભાવે બધાઓ તરે છે;
હસ્તિ જેવા પશુની સ્તુતિ સાંભળી, વ્યર્થ ચિંતા મને કાં ધરે છે.
ઇશ્વરે૦

પીંગલા પારથી પાત્ર કેવાં હતાં, શાસ્ત્રમાં છાપ જેની પડે છે;
દાસ જયરામ નિશ્ચય કરીને કહે, જીવથી ઇષ્ટ એતો પરે છે.
ઇશ્વરે આંખ દીધી છતી દેખવા, ભવ વિષે ભટકતો ક્યાં ફરે છે.

## પ્રભુ ચર્ણે વિશ્વાસ રાખવા વિષે.

### પદ. ૫

( રાગ એજ. )

રાખ વિશ્વાસ શ્રી કૃષ્ણના ચરણમાં, એજ કલ્યાણ કરશેજ તારૂં;
ધર્મમાં વર્તતાં સાહ્ય કરશે પ્રભુ, માનજે સત્યતું જીવ મારૂં.
રાખ૦

વ્યર્થ જંજાળમાં પ્રેમ જેવો ધરે, તેમ શું રાખતાં થાય વારૂં
સ્તબ્ધ કાં થઇ રહ્યો મૂર્ખની જેમ તું, શું હરી નામ લાગ્યું ન પ્યારૂં
રાખ૦

વખત સૌ વહી જતા કાળ આવી ગ્રસે, દેહથી પાડશે જીવ ન્યારૂં;
દાસ જયરામના ઇષ્ટને જો ભજો, તે થકી ઠીક થાશે તમારૂં.
રાખ વિશ્વાસ શ્રી કૃષ્ણના ચરણમાં, એજ કલ્યાણ કરશેજ તારૂં.

## ઇશ્વરને શરણે થવા વિષે.

### પદ. ૬

( પઢારે પોપટ રાજા રામના ) એ રાગ.

વાલા અધમ ઓધારણ આપને, છોડી દઇને ક્યાં જઇયે;
રાખો પ્રભુ જેવી રીતથી, સુખ માનીને રહીયે. ટેક૦

વાલા ધન્ય ગતી પ્રભુ આપની, જેને વેદ વખાણે;
નારદ આદી મુનીશ્વરો, શેષ શારદાં ન જાણે. અધમ૦

વાલા ક્ષણીક સુખો આ સંસારના જાતાં વાર ન લાગે;
જાણી રહ્યા છૈએ છતાં, જીવ કંઈ જ ન ત્યાગે. અધમ૦

વાલા મારૂં મારૂં કહીને રહ્યો, લીધું કંઈ નવ સાથે;
સૌ જ્યાંનું ત્યાંજ પડી રહ્યું, આવ્યું કંઈજ ન હાથે. અધમ૦

વાલા આનંદ આવે અતી ઘણો, લેતાં નામ તમારૂં;
જયરામને શું વિસારશો. એવું સ્વપ્ને ન ધારૂં.
અધમ ઓધારણ આપને, છોડી દઈને ક્યાં જઈએ.

## સ્વપ્નવત્ સંસાર બાબત.

### પદ. ૭

(સમરને શ્રી હરી) એ રાગ.

સ્વપ્નમાં રંક તે રાય જેવો બન્યો, ઉંઘ જાતાં રડે છે બીચારો;
રાણીઓ પાસ મારી બધી જે હતી, આખરે કંઈજ દેખું ન યારો.
ટેક૦

ચમકતાં ચોપદારો વળી જે હતાં, બોલતાં જે ખમાં એમ વાણી;
સેવકો હુકમની રાહ જોયા કરે, વાત કહેતા કદી તે અજાણી.
સ્વપ્નમાં૦

પુન્ય ઉદ્દભવ થયાં દિવસ દુઃખના ગયાં, વિવિધ વાજીત્રના શબ્દ ગાજે.
નોબતો ને નગારાં બહુ ગડગડે, શત્રુ દેખી દીલે ખુબ દાઝે.
- સ્વપ્નમાં૦

વૈભવો ભોગવ્યા સ્વપ્નમાં જે બધાં, ઉંઘ ઉડી જતાં કંઇ ન જોયું.
દાસ જયરામ એ રીત સંસારની, શ્રેષ્ઠ આ દેહ તેં વ્યર્થ ખોયું.
સ્વપ્નમાં રંક તે રાય જેવો બન્યો, ઉંઘ જાતાં રડે છે બીચારો

## ઇશ્વર સ્તુતી.

### પદ. ૮

(રામકલી.)

પ્રભુ છઉં દાસ હું નિજ ચરણનો, મારી સ્તુતી આ સ્વિકારો;
જેવા તેવો પણ આપનો, જાણી કરશો ન ન્યારો. ટેક૦

પ્રાણી ચરાચરમાં તમે સુક્ષ્મ રીતે સમાયા,
યત્નો કરી રહ્યા લાખ પણ, કોઇકજને જણાયા. પ્રભુ૦

વૃત્તિ શુદ્ધ જેની છે આ જગતમાં, તુર્ત તમનેજ પામે;
કિંચિત માત્ર એવા જનો, હશે કોઇકજ ઠામે. પ્રભુ૦

અવિનાશી અંતરમાં વસી રહો, બીજું કંઇજ ન માગું;
વ્રજ વનિતાની વારે ચડયા ચિત્ત ચરણેજ લાગ્યું. પ્રભુ૦

આપ સમરથને વળી વારશી, દુઃખ હરતાં અમારૂં;
મીત્ર સુદામા ન જાણતાં, સર્વ કીધુંજ સારૂં. પ્રભુ૦

એવીપેરે દયા કરી દાસને, નાથ લેજો ઉગારી.
જયરામ વત્સ આ રંકને, રખે દેતાં વિસારી;
પ્રભુ જીઉં હું નિજ ચરણનો, મારી સ્તુતી આ સ્વિકારો.

## ગોપીઓના કૃષ્ણે ચીર હરણ કર્યા વિષે.

### પદ. ૯

રાગ ( નરસિં મહેતાના પ્રભાતીઓ. )

નાથ નિર્લજ પણું આવડું શું બધું, વસ્ત્ર હરતાં ન કંઇ લાજ લાગી;
દેખતી વાત ખોટી કરો છો પ્રભુ, કાં પડયા છો પુઠે સર્વ ત્યાગી.
ટેક૦

સ્વાર્થ પોતાતણું સાધવા આ સ્થળે, આપ આવ્યા હશો એમ જાણું;
છો પરીબ્રહ્મ ને આ વળી શું થયું, આપથી કંઇ ન દેખ્યું અજાણ્યું.
નાથ૦

કંઇ ન ચિંતા કરો વસ્ત્ર અહિંઆં ધરો. જે થવાનું હશે તેજ થાશે;
દાશીઓ રંક તે કયાં જવાની હતી, જલ તજી મીનથી કયાં જવાશે;
નાથ૦

એક નિશ્ચય કરો દુઃખ સૌના હરો, વેદના વ્યર્થમાંથી ઉગારો.
દાસ જયરામ શ્રીકૃષ્ણ ભક્તિ થકી, નીત્ય આનંદ માંને બીચારો,
નાથ નીર્લજ પણું આવડું શું બધું, વસ્ત્ર હરતાં ન કંઇ લાજ લાગી.

## ગોપીઓ પ્રત્યે કૃષ્ણે કહેલા વચનો વિષે.

### પદ. ૧૦

( રાગ એજ. )

શાસ્ત્રમાં જે રીતે સ્નાન કરવું કહ્યું, વર્તતાં શું થયું તું તમોને;
ભોગવો ટાઢની આ વ્યથાને હવે, તે વિષે શું કહો છો અમોને;
ટેક૦
હાથ જોડી નમસ્કાર પ્રીતે કરો, છો તમો શુદ્ધ સાચી કુમારી;
કલ્પના સર્વ છોડી કરો પ્રાર્થના, પૂર્ણ ઇચ્છા કરી શું તમારી.
શાસ્ત્રમાં૦
વર્તશો રીતમાં તો તમારૂં ભલું, વ્યર્થ એમાં ન કંઇ એજ ધારો,
દાસ જયરામ એ રીતથી કૃષ્ણના, કથન કરતાં રહ્યા છે વિચારો.
શાસ્ત્રમાં જે રીતે સ્નાન કરવું કહ્યું, વર્તતાં શું થયું તું તમોને.

## સાંખ્ય જ્ઞાન સંબંધી.

### પદ. ૧૧

( રાગ એજ. )

દેહનો નાશ એતો ઠર્યું છે નકી, સ્વપ્નની જેમ જાવું સમાઇ;
દિવસને વાર નિશ્ચય કર્યું છે બધું, પલકમાં પ્રાણ જાશે હરાઇ;
ટેક૦
મારૂં મારૂં કરી શું રહ્યો મૂરખા, એક તલ ભાર પણ છે ન તારૂં;
શરીર તારૂં ન સાથે કદી આવતું, તો બીજું આવશે કયાંથી વારૂ.
દેહનો૦

કર્મ ખોટા કરે નાથથી નવ ડરે, નાર ધુતી રહ્યો તું પરાઇ;
નર્ક રૈરવ તણું દ્વાર ખોલ્યુંજ તેં, ચર્મ ચુંથી કરી શી નવાઇ;
દેહનો૦

તેજ તારૂં બધું નષ્ટ ત્યાંથી થયું, વાત નિશ્ચય રહી છે જણાઇ;
વ્યાધીને રોગ તેમાં થકી ત્યાં થયા, ત્યાં સુધી ના રહ્યો તું ધરાઇ.
દેહનો૦

ક્રોધ તેથી વધ્યો શરીર તારે વિષે, વાત કંઇ સ્મર્ણ રહેવા ન લાગી:
તુર્ત ત્યાંથી પછી મોહ આવિ પડયો, મંદ ચેત્યો નહીં કાં અભાગી;
દેહનો૦

બુદ્ધિનો નાશ એવું ગણાયું હવે, મોતની વાટ પાસેજ આવી;
દાસ જયરામ શ્રી કૃષ્ણને નાં ભજ્યા, વ્યર્થ આયુષ્ય તેં કાં ગુમાવી.
દેહનો નાશ એનો ઠર્યું છે નક્કી સ્વપ્નની જેમ જાવું સમાઇ.

## સંસાર કેવો સ્વાર્થી છે?

### પદ. ૧૨

(રાગ ધનાશ્રી.)

છે સ્વાર્થનો આ બજાર જુવોને ભાઈ, છે સ્વાર્થનો આ બજાર;
ગર્જ વિનાની એની બંધવ પર, રાખે કદી નહિ પ્યાર. ટેક૦

પુત્ર કમાઉ વહાલોજ લાગે, ધન્ય ઘડી અવતાર;
અકર્મિને ઉભો ન રાખે, હોય પીતા દિલદાર. જુવોને ભાઇ૦

માત કહે છે મોહન મારો, પ્રાણ તણો આધાર;
મોહનજીને મૂર્ખ બનાવે, ગર્થ વિના ઘર નાર. જુવોને ભાઇ૦
પંખી આરોગે છે ફળ મીઠાં, હંસ સરોવર સાર;
જળ અને ફળ ઓછા થયાં કે, ઉડી જવાનીજ વાર. જુવોને ભાઇ૦
સ્નેહુ થકી મુખ શેઠ કહે વળી, આવો હૈયાના હાર;
દ્રવ્ય ગુણીકા હાથ ગયું તો, હાંકી કાઢે ઘર બહાર. જુવોને ભાઇ૦
સંસારની આ સર્વ ક્રિયાને, જોઇ કર્યો મેં વિચાર;
જયરામ કહે હરી નામ પ્રતાપે, પામીશ ભવજલ પાર.
જુવોને ભાઇ છે સ્વાર્થના આ બજાર.

## રામરક્ષા વિષે.

### પદ. ૧૩

( પ્રેમ પીયાલો પીધો ) એ રાગ.

રામતણી રખવાળીરે સદાએ મારે. રામતણી રખવાળી;
આગળ પાછળ સર્વ ઠેકાણે, વ્યાપી રહ્યા વનમાળીરે. ટેક૦
સાગર સરિતા શ્રેષ્ટ બગીચા, વૃક્ષ વેલા વનવાડીરે. સદાએ૦
જોઇએ તે કામે જાઉં તેમાં પણ, જોવું પડે ન નિહાળીરે. સદાએ૦
સત્ય વચન સહુ રામ પ્રતાપે, જતું નથી કાઇ ખાલીરે. સદાએ૦
જયરામ કહે મારા પ્રેમી પ્રભુને, ભક્તિ અતીશય વાલીરે.
સદાએ મારે રામતણી રખવાળી.

# અનીત્ય વસ્તુ વિષે.

## પદ. ૧૪

( સમરને શ્રી હરી ) એ રાગ.

વાત આશ્ચર્યની તો કશી છે નહિ, સ્વાસ છે ત્યાં સુધીની સગાઈ;
દેહથી પ્રાણ છુટા પડયા કે પછી, મર્દ મેરી કશું છે ન કાંઇ. ટેક૦

જો અલ્યા માનવી મૂર્ખ થૈ શું રહ્યો, પ્રેમથી લે પ્રભુને પીછાણી;
જગત આધિન છે સર્વ જેને સદા, નિત્ય તેના ગુણો લે વખાણી.
વાત૦

ફંદ માયા તણે કાં ફસાયો અરે, મોહમાં તું બન્યો મૂઢ જેવો;
એ કુટુંબી જનો સાહ્યતા શું કરે, વ્યર્થ સો પાપનો ભોગ લેવો,
વાત૦

અંતકાલે હશે જે કર્યું પુન્ય તે, સાથ સૌ આવશે એજ તારી;
દાસ જયરામ કહે છે અભાગો અલ્યા, લે ભજી ભાવથી શ્રી મોરારી.
વાત આશ્ચર્યની તો કશી છે નહિ.

# જીવ મુસાફરી વિષે.

## પદ.૧૫

( રાગ કાફી. )

જવું પડશે એવી વાટે, દેતાં દ્રવ્ય મળશે ન કંઈ હાટે;
ભોજન વિવિધ પ્રકાર તણા, બેશી કરીએ રહ્યા પાટે. દેતાં દ્રવ્ય૦

વિવિધ પ્રકારના માલ મસાલા, ઘી તેળો રહ્યો કાંટે;
જયરામ કહે હરી ભજન વિના, ભય છુટે નહિ નાઠે.
દેતાં દ્રવ્ય મળશે ન કંઇ હાટે૦

## કૃષ્ણ સ્તુતી.

### પદ. ૧૬

( સુરજ ઉગ્યોરે કેવડીઆની પડખે કે ) એ રાગ.

આવો આવોરે મારા શ્યામ સુંદર, હરીનંદ જશોદાના જાયારે;
દેજો દેજોરે શુભ દર્શન દાન કે, નંદ જશોદાના જાયારે.

લુંટો લુંટોરે માખણીઆંને મીસરી કે, નંદ જશોદાના જાયારે.
વારે ચઢજોરે વ્રજ વનિતાના નાથ કે, નંદ જશોદાના જાયારે;

રક્ષા કરજોરે ભક્તજન પ્રતિ પાલ કે, નંદ જશોદાના જાયારે,
ગાજો ગાજોરે કાંઇ વેણુંમાં ગીત કે, નંદ જશોદાના જાયારે;

ધાજો ધાજોરે ધર્મ રક્ષણ કાજે કે, નંદ જશોદાના જાયારે.
પીજો પીજોરે વાહલી ધેનુંના ખીરકે, નંદ જશોદાના જાયારે;

વઢજો વઢજોરે મોટા દૈત્યોની સાથે કે, નંદ જશોદાના જાયારે;
દૂર કરજોરે દુઃખ સૌ દિના નાથ કે, નંદ જશોદાના જાયારે;

દુષ્ટને દંડ દઇને કરો નિજ હાથકે, નંદ જશોદાના જાયારે.
દાસ જયરામ એવા હરી ગુણ ગાય કે, નંદ જશોદાના જાયારે.

## જીવ ઉપદેશ.

### પદ. ૧૭

(ફકીરી ચાલ.)

કહીદેને પ્યારા આ શરિરાદિકમાં વસી રહ્યો છે કોણ,
કામ કરે છે હાથ વતીને, ચર્ણવડે તું ચાલે;
સ્વાસ નાક ને શ્રવણ કાનથી, નજરે કોણ નીહાળીરે. કહીદેને૦
મોટા પર્વત સૂર્ય ચંદ્રને, દેખ અરે તું અંધા,
ડરી ચાલવા પાપ થકી તું, દે છોડી સૌ ફંદારે. કહીદેને૦
ધર્મ તણું રક્ષણ કરવાને, ધરી વિવિધ અવતાર,
નિજ સેવક પ્રતી પાલ કહાવે, પોતે સરજન હારરે. કહીદેને૦
મુનીશ્વરો પણ ધ્યાન ધરે છે, વેદો રહ્યા વખાણી,
જયરામ દાસ પણ પ્રભુ પ્રતાપે, વદી રહ્યા મુખવાણીરે.
કહીદેને પ્યારા આ, શરીરાદીકમાં વસી રહ્યો છે કોણ,

## કૃષ્ણ દર્શન અભિલાષા.

### પદ. ૧૮

(કવાલી.)

રહ્યો છે સાક્ષી થઇને જે, તેને તું યાદ કરતો જા;
જરી આળશ્યને છોડી, પ્રભુનું નામ લેતો જા. ટેક૦
ખરૂં કર્તવ્ય જે તારૂં, વિસારી શું રહ્યો વારૂ;
નથી એ રીત કંઇ સારી, ધણીનું ધ્યાન ધરતો જા. રહ્યો છે૦

ઘડી છ રાત રહે જ્યારે, સુખો સૌ ત્યાગવા ત્યારે;
પ્રતાપી શ્રી હરીના તું ગુણોને નિત્ય ગાનો જા. રહ્યો છે૦
વધારે શું કહું વિરા, મટી જાશે બધી પીડા;
કહે જયરામ તે શું છે, વિચારી વર્તતો તું જા. રહ્યો છે૦

## પ્રભુને ભજવા વિષે.

### પદ. ૧૯

(ધનાશ્રી.)

ભાવ થકી ભગવાન ભજીલે, ભાઇ ભાવ થકી ભગવાન;
આનંદદાયક અંતઃકરણને, યોગીન્દ્ર ધરતા ધ્યાન. ટેક૦
મોર મુકુટ મકરાકૃત કુંડલ, સુંદર ઝળકે કાન. ભજી લે૦
પીળા પીતાંમ્બર વસ્ત્ર અનોપમ, મંદગની બળવાન. ભજી લે૦
કૌસ્તુભ મણી શુભ કંઠ બીરાજે શ્યામલ ગાત્ર સુજાન. ભજી લે૦
કેશરી તીલક શુશોભીત ભાસે, કૃષ્ણ કૃપાના નિધાન. ભજી લે૦
મુર્તિ મનોહર દેખી તમારી, કહી શકે ન જબાન. ભજી લે૦
જયરામ કહે પ્રભુ માગુ નિરંતર, દર્શનનું શુભદાન. ભજી લે૦

## કૃષ્ણ શ્રંગાર વર્ણન.

### પદ. ૨૦

(રાગ રે ભોળાનાથ દીગાંમ્બરોએ દુઃખ મેરા હરો.)

રે મારા કૃષ્ણ કનૈયા, મુજને ન કરતાં પરો;
અર્ધાંગી લક્ષ્મી રહ્યાં છે બીરાજી નારદ પણ ત્યાં ખરોરે. ટેક૦
આશ્રયદાતા પ્રભુ આપ પોતે, ચિંતા અમારી હરોરે. મારા૦

કામ ક્રોધાદીક શત્રુ સતાવે, દુરિજન દેખી ડર્યો રે. મારા
વિશ્વાસ રહિત છે વૃત્તિઓ મારી, દ્રઢ તવ ચરણે કરોરે. મારા
અંતરજામી ઓળખવા યત્ન, એકાગ્રતાથી કર્યો રે, મારા
ભક્તિ આપો સ્થિર અવયવો વાળી, મસ્તકે હાથ ધરોરે. મારા
જયરામની પ્રભુ સ્તુતી આ સ્વીકારી, ઈચ્છાનુ સાર ફરોરે.
મારા કૃષ્ણ કન્હયા મુજને ન કરતાં પરો.

## આળસુ જીવ વિષે.

### પદ. ૨૧

( રાગ નરસીં મેતાના પ્રભાતીનો )

હું દુઃખી હું દુઃખી એમ કહેવા થકી દુઃખથી મુક્ત શું થઇશ પાપી:
પુર્વના જન્મનો છો અભાગી વળી કૃષ્ણ કહેતો નથી તું કદાપી. ટેક.
મોહરૂપી નીશામાં રહ્યો ઉંઘીને, ઉદયની વાત એકે ન જાણી,
કામ ક્રોધાદિકે નાશ વાળ્યો છતાં, કાં પડયો છો પુઠે મૂર્ખ પ્રાણી.
હું દુઃખી૦

ક્ષેત્રમાં બાજરી જાર વાવ્યા પછી, આશ ધણિની કરો તે નકામી;
મોટરોની મજા દેખતું દ્રષ્ટિએ દે બતાવી જરા ક્યાંય ખામી.
હું દુઃખી૦

બંગલા ને બગીચા બન્યા જે થકી, મુલ તેનું જરા જો તપાસી;
માળીએ પાણીનો કૂવ આવી મળે, વર્ણવું કયાં સુધી તે પ્રકાશી.
હું દુઃખી૦

મુર્ખ પાશાણ જેવો રહ્યો તું બની, શાસ્ત્ર શોધી કહ્યું છે વિચારી;
દાસ જયરામના ઇષ્ટ પાસે જતાં ભુલ માફી કરે તે તમારી.
હું દુઃખી હું દુઃખી એમ કહેવાથી થકી, દુઃખથી મુક્ત શું થઇશ પાપી.

સમાપ્ત.